ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩



## જૂના આગેવાનોમાં અસંતોષ ઉકળ્યો, અપક્ષ ઉમેદવારીની ચર્ચાઓ તેજ

# દાહોદ પાલિકામાં ભાજપના નવા ચહેરાઓને ટિકિટ

### જૂના જોગીઓના પત્તા કપાયા, બળવાના સંકેતઃ આંતરિક ગજગ્રાહ અને વિકાસ મુદ્દાઓને કારણે સંગઠનનો કડક નિર્ણય

(પ્રતિનિધિ) દાહોદ તા.9

દાહોદ નગરપાલિકાની ચૂંટણી માટે આજે પક્ષ દ્વારા મેન્ડેટ જાહેર થતા તમામ નવા ચહેરાઓને પ્રાથમિકતા આપવામાં આવી છે, જેના કારણે વર્ષોથી પક્ષના નામે ચૂંટણી જીતી આવતા અનેક જૂના જોગીઓના પત્તા કપાઈ ગયા હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. ટિકિટ વિતરણમાં મોટા પાયે ફેરફારો થતાં શહેરમાં રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. ખાસ કરીને અગાઉ પક્ષના નામ અને વડાપ્રધાનના વિકાસ એજન્ડાના આધાર પર જીત મેળવી ચૂકેલા કેટલાક જૂના આગેવાનોમાં નિરાશાનો માહોલ જોવા મળ્યો હતો. બીજી તરફ નવા ઉમેદવારોમાં ઉત્સાહનો માહોલ છવાયો હતો અને તેઓએ આવતીકાલે ઉમેદવારી ફોર્મ ભરવાની તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે.

મેન્ડેટ જાહેર થયા બાદ હવે પક્ષવિરુદ્ધ બળવો થાય છે કે નહીં અને કેટલા અસંતોષિત આગેવાનો અપક્ષ તરીકે મેદાનમાં ઉતરે છે તે અંગે રાજકીય ચર્ચાઓ તેગ થઈ છે. આગામી દિવસોમાં દાહોદ નગરપાલિકાની ચૂંટણીનું રાજકીય ચિત્ર વધુ સ્પષ્ટ બનશે તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે.કેટલાક આગેવાનો અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવવાની તૈયારીમાં હોવાનું જાણવા મળી રહ્યું છે, જ્યારે કેટલાક પક્ષમાં રહી રાજકીય અસ્તિત્વ જાળવી રાખવા પ્રયાસ કરી રહ્યા છે. ગત બોડી દરમિયાન કેટલાક સભ્યો પોતાના વોર્ડમાં ન ફરક્યા હોવાના આક્ષેપો પણ સામે આવ્યા હતા. બીજી તરફ સારી કામગીરી કરનાર કેટલાક સભ્યોને પણ ટિકિટ ન મળતા કાર્યકરોમાં 'ઘઉં ભેગી ઈયળ બળી' હોવાનો અહેસાસ વ્યક્ત થયો છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને ભાજપ, કોંગ્રેસ અને આપ પોતાના સમીકરણો ગોઠવી રહી છે. તે દરમિયાન ભાજપમાં ઉમેદવારોની પસંદગી મુદ્દે ઊભી થયેલી નારાજગી પક્ષ માટે પડકારરૂપ બની શકે છે.

### દાહોદ નગર પાલિકાની ચૂંટણીમાં ભાજપે જાહેર કરેલી ઉમેદવારોની યાદી

| વોર્ડ | ક્રમાંક | ઉમેદવારનું નામ | વોર્ડ | ક્રમાંક | ઉમેદવારનું નામ | વોર્ડ | ક્રમાંક | ઉમેદવારનું નામ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ચેતનાબેન હિમાંશુભાઇ નાગર | ૪ | ૧ | મેઘાબેન પરેશકુમાર પંચાલ | ૭ | ૧ | સોનલબેન સતીષભાઇ પરમાર |
| | ૨ | મલેકાબેન જોહરભાઈ ગાંગરડીવાલા | | ૨ | જુગલબેન ચિરાગભાઇ પંડ્યા | | ૨ | શકિનાબેન મહંમદભાઇ દુધિયાવાલા |
| | ૩ | કલ્પકુમાર અરૂણકુમાર કિશોરી | | ૩ | હાર્દિકભાઇ બચુભાઇ બારીયા | | ૩ | અલયભાઇ દિલીપભાઇ દરજી |
| | ૪ | રાકેશભાઇ રાધેશ્યામ અગ્રવાલ | | ૪ | કમલેશભાઇ લક્ષ્મીચંદ લાલવાણી | | ૪ | મેહુલભાઇ પ્રદિપભાઇ શાહ |
| ૨ | ૧ | અંકિતાબેન અજયભાઇ ભાભોર | ૫ | ૧ | જેરીકાબેન મનોજકુમાર ચૌહાણ | ૮ | ૧ | સાયરાબેન અબ્દુલવાહીદ છીત્તલ |
| | ૨ | મારીયાબેન સજ્જાદભાઇ ભાટીયા | | ૨ | વંદનાબેન મનોજભાઇ ભાર્ગવ | | ૨ | ફાતેમાબેન મઝહરભાઇ કુંદાવાલા |
| | ૩ | દર્ષિત જગમોહન દિવાકર | | ૩ | વિજયભાઇ હોશિયારભાઈ પિઠાયા | | ૩ | લક્ષ્મણભાઇ સોમાભાઇ ડોડીયાર |
| | ૪ | મનીષભાઇ તુલસીદાસ લખવાની | | ૪ | કેશુભાઇ કરણભાઇ ભરવાડ | | ૪ | ઝુલ્ફીકારહાજી કાસમ બજારીયા |
| ૩ | ૧ | મીનાક્ષીબેન પુનમભાઇ નિનામા | ૬ | ૧ | રેખાબેન જયેશભાઇ રાઠોડ | ૯ | ૧ | ગીતાબેન જીતેન્દ્રભાઇ રાઠોડ |
| | ૨ | લક્ષ્મીબેન હિતેશભાઇ ભાટ | | ૨ | સુમૈયાબેન સિકંદરભાઇ પટેલ | | ૨ | લીલાબેન અમૃતલાલ પ્રજાપતિ |
| | ૩ | ઇસ્તીયાક સોકતઅલી સૈયદ | | ૩ | નાઝિમભાઇ પટેલ | | ૩ | બિમલ રમેશચંદ્ર વડવાલા |
| | ૪ | પુજનભાઇ સંદિપકુમાર દેસાઇ | | ૪ | નિર્દેશભાઇ સનતકુમાર પરીખ | | ૪ | વિશાલ રાજેન્દ્રકુમાર પારેખ |

### ડીવાયએસપી પટેલની અધ્યક્ષતામાં ડ્રીલ યોજાઇ

## ઝાલોદ ખાતે ઝોન લેવલ મોક ડ્રિલ યોજવામાં આવી

( પ્રતિનિધિ ) સુખસર,તા.9

જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા વધુ મજબૂત બને તથા કોઈપણ આકસ્મિક પરિસ્થિતિમાં પોલીસ દળ સજ્જ રહે તે હેતુથી ઝાલોદ ખાતે ડીવાયએસપી પટેલની અધ્યક્ષતામાં ઝાલોદ ઝોનની મોક ડ્રિલ યોજાઈ હતી.આ મોક ડ્રિલ દરમિયાન સુખસર પોલીસ સ્ટેશનના પી.આઈ એમ.એમ. રાઠોડ દ્વારા પોલીસ સ્ટાફને અશ્રુ ગેસ, ટિયર ગેસ, કલર ગેસ તેમજ વિવિધ પ્રકારના હથિયારોના ઉપયોગ અંગે પ્રેક્ટિકલ ટ્રેનિંગ આપવામાં આવી હતી.ટ્રેનિંગમાં પરિસ્થિતિને કેવી રીતે કાબૂમાં લેવી,ભીડ નિયંત્રણ અને સુરક્ષા પગલાં અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.મોક ડ્રિલમાં ઝાલોદના ડીવાયએસપી,પી.આઈ, લીમડીના પી.આઈ તેમજ સુખસરના પી.આઈ, પીએસઆઈ અને પોલીસ સ્ટાફ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.આ પ્રકારની મોક ડ્રિલથી પોલીસ દળની તૈયારીમાં વધારો થાય છે.અને કોઈપણ અચાનક પરિસ્થિતિમાં ઝડપી અને અસરકારક કામગીરી શક્ય બને છે.



### દાહોદ જિલ્લામાં ઉમેદવારી પ્રક્રિયાને ગતિ

## તા.પં.માં 70, જિ.પં.માં 16 અને પાલિકામાં એક ફોર્મ ભરાયું

(પ્રતિનિધિ) દાહોદ તા.9

સ્થાનિક સ્વરાજ્યની આવનારી ચૂંટણીને લઈને દાહોદ જિલ્લામાં ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયા ધીમે ધીમે ગતિ પકડી રહી છે. આજે તાલુકા પંચાયતની બેઠકો માટે કુલ ૭૦ ઉમેદવારી ફોર્મ ભરાયા હોવાનું જાણવા મળ્યું છે. જિલ્લા પંચાયત માટે ૧૬ ઉમેદવારી ફોર્મ ભરાયા છે, જ્યારે દાહોદ નગર પાલિકાના 9 વોર્ડના 36 કાઉન્સીલર ની ચૂંટણી માટે ફોર્મ ભરવાની તા 6 થી પ્રારંભ થઈ ગયો છે દાહોદ નગરપાલિકાની ચૂંટણી માટે અત્યાર સુધી માત્ર ૧ ઉમેદવારી ફોર્મ ભરાયું હોવાનું સત્તાવાર રીતે જાણવા મળ્યું છે. ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા હજુ ચાલુ હોવાથી આવનારા દિવસોમાં વિવિધ રાજકીય પક્ષો દ્વારા વધુ ઉમેદવારો પોતાના ફોર્મ દાખલ કરે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. દાહોદ જિલ્લામાં ચૂંટણીને લઈને રાજકીય માહોલ દિવસેને દિવસે વધુ ગરમાતો જઈ રહ્યો છે. ઉલ્લેખનિય છે, રાજકીય વર્તુળોમાં ચાલતી ચર્ચા અનુસાર કોઈ પણ પક્ષ પોતાના ઉમેદવારોની નામો ની યાદી જાહેર ના પણ કરે અને સીધા ઉમેદવારી પત્રો ભરાવે એવું પણ બની શકે છે.

### ૨૯૪ ફોર્મ ઉપાડાયા છતાં એકેય ભરાયું નહીં

## દાહોદ પાલિકા ચૂંટણીમાં ઉમેદવારી પત્ર ભરવાનો 'આંક હજી પણ શૂન્ય'

### ભાજપ, કોંગ્રેસ, આપ અને અપક્ષ વચ્ચે ચતુષ્કોણીય જંગની સંભાવના

દાહોદ : જિલ્લામાં આવનાર દિવસોમાં યોજાનારી ચૂંટણીઓ ના કારણે રાજકીય ફલક ઉપર ભારે ગરમાવો છવાયો છે વિવિધ પક્ષોએ પોતાના ઉમેદવારો નક્કી કરવા ની કવાયત લગભગ પુર્ણ કરી દીધી હસે અને આજકાલ મા ઉમેદવારો ના નામો ની જાહેરાત કરશે ત્યારે નગર પાલિકા ના 9 વોર્ડ ના 36 કાઉન્સલર ની ચૂંટણી માટે ફોમ ભરવાની તા 6 થી પ્રારંભ થઈ ગયો છે અને આજે બપોર સુધી 295 ઉમેદવારી પત્ર નો ઉપાડ થયો છે પરંતુ હજી સુધી એક પણ ઉમેદવારી પત્ર ભરવામાં આવ્યું નથી એટલે ઉમેદવારી પત્ર નુ ખાતું હજી સુધી ખુલ્યું નથી આ વખતે દાહોદ નગર પાલિકા મા ભાજપ ,કોગ્રેસ,અને આપ પાર્ટી અને અપક્ષ વચ્ચે ચતુષ્કોણીય જગ ખેલાશે તેમ લાગી રહ્યું છે જોકે આમ તો દાહોદ નગર પાલિકા મા ભાજપ અને કોંગ્રેસ અને અપક્ષ વચ્ચે યુદ્ધ ખેલાતું હતું દાહોદ નગર પાલિકા માં વરસો થી ભાજપ નું શાસન ચાલી રહ્યું છે ત્યારે આજે તા 9 થઈ ગઈ તેમ છતાં હજુ સુધી ભાજપ કે કોંગ્રેસ દ્વારા ઉમેદવારો ની જાહેરાત કરવામાં આવી નથી એટલે દરેક પક્ષ ઘણુ વિચારી ને પગલાં ભરી રહી છે જ્યારે ભાજપ માટેની શહેર મા ચાલતી ચર્ચાઓ મુજબ 90 ટકા જૂના જોગીઓની બાદબાકી થશે નો રિપીટ થિયરી ની વાતો થઈ રહી છે જેમણે વિવિધ પક્ષો મા ઉમેદવારી કરવા અરજી કરી છે જે કાગડોળે ઉમેદવારો ના નામો ની યાદી ની રાહ જોઈ રહ્યા છે જોકે એક વાત એ પણ છે કે કોઈ પણ પક્ષ પોતાના ઉમેદવારોની નામો ની યાદી જાહેર ના પણ કરે અને સીધા ઉમેદવારી પત્રો ભરાવે એવું પણ બની શકે છે .

### હાલોલ ભાજપ દ્વારા મૌન રેલી યોજાઇ

## કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના વિરોધમાં રેલી




(પ્રતિનિધિ) હાલોલ તા.9

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા ગુજરાતીઓને ભાષણમાં અપ શબ્દો ના વિરોધમાં મૌન રેલી સ્વરૂપે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું.

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા ગુજરાતીઓને અભણ તથા પોતાના ઘમંડમાં ચકના ચૂર થઈને બોલેલા અપ શબ્દોના વિરોધમાં આજરોજ હાલોલ વિધાનસભાના ધારાસભ્ય અને ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ જયદ્રસિંહજી પરમાર ના માર્ગદર્શન હેઠળ હાલોલ નગર ખાતે હાલોલ નગર પ્રમુખ હરીશભાઈ ભરવાડ તથા તાલુકા પ્રમુખ જયેન્દ્રસિંહ ચૌહાણ ના અધ્યક્ષ સ્થાને હાલોલ નગર તાલુકાના સંયુક્ત ક્રમે મૌન રેલી સ્વરૂપે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું આ રેલીમાં હાલોલ શહેરના નગરપાલિકા પ્રમુખ નિશાબેન દેસાઈ, તાલુકા પ્રમુખ વિપુલભાઈ બારીયા, હાલોલ નગરપાલિકાના સદસ્યો શહેર અને તાલુકાના પાર્ટીના સૌ પદાધિકારીઓ અને અગ્રણીઓ હાજર રહ્યા હતા.

### પાવાગઢ ગ્રા.વિ.કાર્ય સમિતિના મેનેજિંગ ટ્રસ્ટી દ્વારા આયોજન

## ચાંપાનેર ગામની શાળામાં 300 બાળકોના બ્લડ ગ્રૂપની ચકાસણી



(પ્રતિનિધિ) પાવાગઢ તા.9

આજ રોજ તા. ૯ એપ્રિલ ૨૦૨૬ ગુરૂવાર ના રોજ ચાંપાનેર પ્રાથમિક શાળામાં 300 જેટલા બાળકોના બ્લડ ગ્રુપની ચકાસણી કરવામાં આવી. દરેક બાળકનું બ્લડ ગ્રુપ સીમા લેબોરેટરી હાલોલ દ્વારા કરવામાં આવેલ પાવાગઢ ના માજી સરપંચ નૈનેશ પંડ્યા તેમજ આ શાળાની મદદ માટે હંમેશા તત્પર રહેનાર એવા દાતા પાવાગઢ ગ્રામ્ય વિકાસ કાર્ય સમિતિના મેનેજિંગ ટ્રસ્ટી હિતેશભાઈ વ્યાસ દ્વારા સંપૂર્ણ ખર્ચ આપવામાં આવેલ છે. આ તબક્કે શાળા પરિવાર અને એસ.એમ.સી ચાંપાનેર બન્ને દાતાઓનું હૃદય પૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

### હાલોલ ફાયરબ્રિગેડના જવાનોએ આગ પર કાબૂ મેળવ્યો

## હાલોલ પોસ્ટ ઓફિસ બહાર વીજ ટ્રાન્સફોર્મરમાં આગથી નાસભાગ

(પ્રતિનિધિ) હાલોલ તા.9

હાલોલ વડોદરા રોડ ઉપર આવેલ પોસ્ટ ઓફિસ ની બહાર MGVCL ટ્રાન્સફોર્મરમાં આજે ગુરૂવારના રોજ અચાનક સ્પાર્ક થતા એકદમ આગ લાગી હતી . આજુબાજુ કચરાના ઢગલા જાડી ઝાંખરાના લીધે આગ એકદમ લાગતા અફરા-તફરીનો મોહલ સર્જાયો હતો અને આજુબાજુમાં રહેતા લોકો પણ દોડી આવ્યા હતા જો ત જોતામાં આગ વધી ગઈ હતી તેથી તાત્કાલિક હાલોલ નગરપાલિકા ફાયર બ્રિગેડને જાણ કરતા ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને આગ ઉપર કાબુ મેળવી લીધો હતો તેથી આજુબાજુના રહીશો એ શાંતિનો અનુભવ કર્યો હતો . આગ કયા કારણથી લાગી તેનું ચોક્કસ કારણ હજુ સુધી મળ્યું નથી એમજીવીસીએલના તંત્રએ પણ ઘટના સ્થળે દોડી આવી હતી પરંતુ આગ કયા કારણે લાગી તેની તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.



## સિંગવડ જિલ્લા પંચાયતની ત્રણ બેઠકો માટે ભાજપે નવા ઉમેદવારો જાહેર કર્યા

સિંગવડ : સિંગવડ જિલ્લા પંચાયતની ત્રણ બેઠકો માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા ઉમેદવારોના નામોની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ ત્રણેય બેઠકો પર નવા ચહેરાઓને તક આપવામાં આવતા સ્થાનિક રાજકીય વર્તુળોમાં ચર્ચાનો માહોલ જોવા મળી રહ્યો છે. જાહેર થયેલા ઉમેદવારો મુજબ સુડીયા જિલ્લા પંચાયત બેઠક માટે ભુરીબેન રાજસીંગભાઈ બારીયા, મેથાણ જિલ્લા પંચાયત બેઠક માટે નિવેશકુમાર દલસીંગભાઈ તાવીયાડ તેમજ વાલાગોટા જિલ્લા પંચાયત બેઠક માટે અરવિંદકુમાર બુધાભાઈ પટેલના નામોની જાહેરાત કરવામાં આવી છે. જાહેરાત બાદ તમામ ઉમેદવારો દ્વારા ઉમેદવારી ફોર્મ ભરવા માટે જરૂરી દસ્તાવેજો એકત્રિત કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

### આચાર્ય શ્રી લેખેન્દ્રવિજયજી મ.સા. ની નિશ્રામાં આયોજન

## વિશ્વ નવકાર દિવસના અવસરે નવકાર જાપનું વિશેષ આયોજન



(પ્રતિનિધિ) દાહોદ તા.9

આજે જૈનોના મહામંત્ર વિશ્વ નવકાર દિવસ ૨૦૨૪ ના અવસરે દાહોદમાં સીમંધર દેરાસર ખાતે સવારે ૮ થી ૯ કલાક દરમ્યાન જિન મંદિર પ્રાંગણમાં રાષ્ટ્રસંત વર્તમાન ગણધરપ્રણામિ મ. ૠષભ કેસરી વિજય લેખેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં સામુહિક નવકાર મંત્રના જાપનું આયોજન કરવામાં આવ્યું હતું. નવકાર મંત્રનું જાપ સકલ જૈન શ્રી સંઘ તરફથી આયોજિત હતો જેમાં સમાજના શ્રાવક શ્રાવિકાઓ ઉત્સાહ ભર ભાગ લીધો હતો. આચાર્ય દેવશ્રીમદ્ વજય લખન્દ્રસૂરજી મ.સા. ના આજ સવાર સીમંધર દેરાસર ખાતે મંગળ પ્રવેશ થયો હતો. આ અવસરે સાધ્વી વેરાગ્ય શ્રેયાશ્રીજી ઠાણા બે તથા આચાર્ય રામલાલજી મ.સા. ની સુશિષ્યા શ્રી સુમનપ્રભાજી મ.સા. આદિ ઠાણા પણ નવકાર મંત્ર જાપમાં સામેલ થયા હતા.

### વીજ પોલ ખસેડવા સ્થાનિકોની માગણી

## સુખસરમાં હાઈવે પર ખુલ્લા વીજ બોક્સથી જાનહાનિનો સતત ભય



( પ્રતિનિધિ ) સુખસર,તા.9

સુખસર ખાતે સંતરામપુર હાઈવે ઉપર કપિલ હિંમતભાઈ કલાલની દુકાન તથા રહેણાંક મકાન આગળ આવેલ વીજ પોલ અને ડિસ્ટ્રિબ્યુશન બોક્સ હાલ ભાયજનક સ્થિતિમાં જોવા મળી રહ્યા છે.ખુલ્લું બોક્સ, બહાર લટકતા વાયર અને જમીન ઉપર ફેલાયેલા કેબલ્સને કારણે સ્થાનિકોમાં ભારે ચિંતા વ્યાપી છે. જાણવા મળેલી વિગતો મુજબ બોક્સ ખુલ્લુ હોવાથી અંદરના જીવંત વીજ વાયર ખુલ્લા દેખાઈ રહ્યા છે. જે કોઈ પણ સમયે ગંભીર અકસ્માતનું કારણ બની શકે છે. દુકાન આગળ લોકોની સતત અવર-જવર રહે છે.જેના કારણે જાનહાની થવાનો ભય ઊભો થવા પામેલ છે.

બીજી બાજુમાં નજીકમાં ફોર વ્હીલર વાહનોનું ગેરેજ આવેલું હોવાથી અહીં વાહનોની સતત આવન-જાવન રહે છે. વાહનોની હલચલ દરમ્યાન વાયરને નુકસાન પહોંચવાની અને કરંટ લાગવાની શક્યતા જોવાઈ રહી છે.સાથે સાથે આસપાસમાં રહેતા સ્થાનિકોના નાનાં બાળકો આ ખુલ્લા વીજ બોક્સના જીવંત વીજ વાયર સાથે અકસ્માતે સંપર્ક થાય તો કરંટ લાગવાનો ભય ઉભો થવા પામેલ છે.બાળકો અજાણતા ખુલ્લા વાયર અથવા બોક્સની નજીક જાય તો કોઈપણ સમયે દુર્ઘટના સર્જાઈ શકે છે.આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગ્રામજનો દ્વારા માત્ર મરામત નહીં પરંતુ સમગ્ર વીજ થાંભલાને જ બીજે સલામત સ્થળે ખસેડવાની માંગ ઉઠી છે.સ્થાનિકોના જણાવ્યા મુજબ, હાલની જગ્યા ઉપર થાંભલો રાખવો જોખમી સાબિત થઈ રહ્યો છે.

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને અનુલક્ષીને આયોજન

## સિંગવડના હાંડી ગામે પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ યોજાયુ



( પ્રતિનિધિ ) સિંગવડ,તા.9

આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખીને રણધીપુર પોલીસ સ્ટેશન પી.આઈ જે . એન ભરવાડ તથા સ્ટાફ દ્વારા સિંગવડ તાલુકાના હાંડી ગામે ફૂટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું જ્યારે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોઈ અનિચ્છનીય બનાવના ન બને તેના માટે અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તેના માટે આ ફૂટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું

### ફતેપુરા પોલીસની લીંમડીયા ગામે 'વિલેજ વિઝિટ'

## કાયદાકીય જાગૃતિ માટે ગ્રામજનો સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો

( પ્રતિનિધિ ) સુખસર,તા.9

પ્રજા અને પોલીસ વચ્ચે સંવાદ વધે અને ગ્રામ્ય સ્તરે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત બને તે હેતુથી ફતેપુરા પોલીસ દ્વારા વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે આજે ફતેપુરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર દ્વારા લીંબડીયા ગામની મુલાકાત લેવામાં આવી હતી. જેમાં મુખ્ય પ્રશ્નો અને કાયદાકીય જાગૃતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

ફતેપુરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી પી.એ. જાડેજા દ્વારા લીંબડીયા ગામની મુલાકાત દરમ્યાન ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધ્યો હતો.આ બેઠકમાં ગામના મુખ્ય પ્રશ્નો સાંભળવામાં આવ્યા હતા.અને તેના નિરાકરણ માટે ચર્ચા કરવામાં આવી હતી.સાથે જ કાયદો અને વ્યવસ્થાની જાળવણી તેમજ કાયદાકીય અવેરનેસ (જાગૃતિ) અંગે ગ્રામજનોને વિસ્તૃત સમજ પૂરી પાડવામાં આવી હતી.પોલીસ પ્રજાનો મિત્ર છે પોલીસ અને પ્રજા વચ્ચે વિશ્વાસ વધે અને લોકો નિર્ભયતાથી પોતાની વાત રજૂ કરી શકે તેવો માહોલ બનાવવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો. સાથે સાથે આગામી સ્થાનિક સ્વરાજ્યની તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને ગામમાં શાંતિ જળવાઈ રહે તે માટે જરૂરી તકેદારી રાખવા સૂચનાઓ આપવામાં આવ્યા હતા.સુરક્ષા અને સહકાર માટે ગ્રામજનોને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ જણાય તો તુરંત પોલીસનો સંપર્ક કરવા અને પોલીસને સહકાર આપવા અપીલ કરવામાં આવી હતી.આ મુલાકાત દરમ્યાન ગામના આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

